સંક્ષિપ્ત સમાચાર

પંચમહાલ સાંસદ રાજપાલસિંહ જાદવે મામલતદાર કચેરી અને તાલુકા પંચાયતની મુલાકાત કરી

કાલોલ : જનતાના પ્રશ્નોનું નિરાકરણ એજ અમારો ધ્યેય" એ ઉક્તિ ને યથાર્થ કરતા આજ રોજ ૧૮ પંચમહાલ લોકસભા સાંસદ રાજપાલસિંહ જાદવ દ્વારા કાલોલ તાલુકા પંચાયત કચેરી ખાતે કાલોલ તાલુકાના વિવિધ વિસ્તારોમાંથી પોતાની રજૂઆતો અને પ્રશ્નો લઈ પધારેલા નાગરિકો સાથે મુલાકાત કરી.રજૂઆતોને ધ્યાને લઈ તમામ પ્રશ્નોના ઝડપી નિવારણ માટેનું આશ્વાસન આપ્યું.તથા કાલોલ મામલતદાર કચેરી ની મુલાકાત લઈ ચાલી રહેલ વિવિધ કામગીરીની સમીક્ષા કરી તેમજ લોકોને સેવાઓ વધુ ઝડપથી મળે તેવી સંબધિત કર્મચારીઓ તથા અધિકારઓને સૂચના કરી.

સિંગવડ તાલુકાના તોરણી પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના સબ સેન્ટરમાં તસ્કરોએ તરખાટ મચાવ્ય

સિંગવડ : દાહોદ જિલ્લાના સિંગવડ તાલુકાના તોરણી પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના સબ સેન્ટર ખાતે ગત મધ્યરાત્રી દરમિયાન તસ્કરોએ તરખાટ મચાવ્યો હતો. સબ સેન્ટરના દરવાજાનું તાળું તોડી અંદર રૂમમાં મૂકેલ પાણીની પાઇપ ખુરશીઓ તેમજ પ્લાસ્ટિક ટેબલો ચોરી કરી તસ્કરો ફરાર થયા હતા. તેમજ દરવાજાનું તાળું અને બારીનો કાચ તોડી નુકશાન પહોંચાડ્યું હતું. ઘટનાની જાણ આરોગ્ય વિભાગના કર્મચારીને થતા પોલીસને જાણ કરતા રણધીપુર પોલીસ દ્વારા સ્થળ પર જઈ તપાસ કરી હતી અને જ્યારે રંધીપુર પોલીસ દ્વારા વધુ તપાસ હાથ ધરવામાં આવી હતી

PMFME યોજના અંતર્ગત ટીંબા ગામમાં ખાદ્ય પ્રોસેસિંગ ઉદ્યોગસાહસિકો માટે શિબિર યોજાઈ

ગોધરા : દેશના અસંગઠિત ખાદ્ય પ્રોસેસિંગ ક્ષેત્રને સુધારવા અને તેને પ્રોત્સાહન આપવા માટે ભારત સરકાર દ્વારા શરૂ કરાયેલી પ્રધાનમંત્રી ફોર્મલાઇઝેશન ઓફ માઇક્રો ફૂડ પ્રોસેસિંગ એન્ટરપ્રાઇઝિસ (PMFME) યોજના અંતર્ગત પંચમહાલ જિલ્લાના ગોધરા તાલુકાના ટીંબા ગામ ખાતે એક દિવસીય શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. આ શિબિરમાં PMFME યોજનાના પ્રોજેક્ટ મેનેજર હેતલ પાઠક(SMPU-EDII) દ્વારા ખાદ્ય પ્રોસેસિંગ ઉદ્યોગસાહસિકોને, ખાસ કરીને મહિલાઓને, યોજનાની વિસ્તૃત માહિતી પૂરી પાડવામાં આવી હતી. દેશભરમાં 25 લાખ જેટલા અસંગઠિત ખાદ્ય પ્રોસેસિંગ ઉદ્યોગો કાર્યરત છે, જેમાંથી 66% ગ્રામીણ વિસ્તારોમાં અને 80% પરિવાર-આધારિત એકમો છે.

ગોવિંદ ગુરુ યુનિવર્સિટીના સમાજશાસ્ત્ર વિભાગ દ્વારા 'પ્રવેશ ઉત્સવ' ની ભવ્ય ઉજવણી

ગોધરા : શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી, વિંઝોલ, ગોધરા સંલગ્ન અનુસ્નાતક વિભાગ, સમાજશાસ્ત્ર દ્વારા સેમેસ્ટર-૧ માં નવા પ્રવેશેલા વિદ્યાર્થીઓના સ્વાગત માટે ભવ્ય "પ્રવેશ ઉત્સવ" કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ યુનિવર્સિટીના કુલપતિ પ્રો. ડો. હરીભાઈ કાતરીયાના અધ્યક્ષ સ્થાને યોજાયો હતો. કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ્ય નવા વિદ્યાર્થીઓને યુનિવર્સિટી અને સમાજશાસ્ત્ર વિભાગના શૈક્ષણિક વાતાવરણથી પરિચિત કરાવવાનો અને તેમને ભવિષ્ય માટે પ્રેરિત કરવાનો હતો. કુલપતિ પ્રો. ડો. હરીભાઈ કાતરીયાએ તેમના અધ્યક્ષીય પ્રવચનમાં વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ અને સહભાગી અભિગમ પર ભાર મૂક્યો હતો.

પ્રાથમિક શૈક્ષિક મહાસંઘ લીમખેડા તાલુકાનો ગુરુ વંદના કાર્યક્રમ યોજાયો

લીમખેડા : પ્રાથમિક શૈક્ષિક મહાસંઘ લીમખેડા તાલુકા આયોજિત ગુરુ વંદના કાર્યક્રમ શ્રી ગાયત્રી માધ્યમિક શાળા વિસલંગા ખાતે જિલ્લા અધ્યક્ષ દેશિંગભાઈ તડવીની અધ્યક્ષતામાં યોજાયો હતો.કાર્યક્રમમાં વક્તા તરીકે મનહરભાઈ પટેલ હાજર રહી પ્રેરક વક્તવ્ય આપ્યું હતું. ગુરુ વંદના કાર્યક્રમમાં પ્રાથમિક શૈક્ષિક મહાસંઘ લીમખેડાના અધ્યક્ષ શનુભાઈ ભાભોર સહિત ટીમના હોદ્દેદારો,માધ્યમિક શાળાના આચાર્ય નીરવભાઈ પટેલ સહિત સ્ટાફ પરિવારના સભ્યો, અગારા(ઉ)મંડળના સભ્યો,શિક્ષક ભાઈ-બહેનો,વાલીઓ,માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા.

સિંગવડ તાલુકાના સુડીયા ગામના રેશનકાર્ડ ધારકો દ્વારા સિંગવડ મામલતદારને આવેદન

40 થી 50 રેશનકાર્ડ ધારકોએ સુડીયા ગામની સસ્તા અનાજના દુકાનના માલિકો સામે તપાસની માંગ કરી

દુકાનદાર સામે પોલીસ ફરિયાદ નોંધી કાર્યવાહી કરવા માંગ

(પ્રતિનિધિ) સિંગવડ, તા.12

સિંગવડ તાલુકાના સુડીયા ગામના રેશનકાર્ડ ધારકો દ્વારા સિંગવડ મામલતદાર આવેદન પત્ર આપી સુડીયા ગામના સસ્તા અનાજની દુકાન સામે તટસ્થ તપાસ કરવામાં આવે તેવી માંગ ઉઠવા પામી સિંગવડ તાલુકાના સુડીયા ગામના 40 થી 50 જેટલા રેશનકાર્ડ ધારકો દ્વારા સિંગવડ મામલતદાર ઓફિસ ખાતે આજરોજ આવીને સિંગવડ મામલતદારને આવેદનપત્ર આપ્યું જેમાં સુડીયા ગામના સસ્તા અનાજ ની દુકાન ચલાવતા દુકાનદાર અને હાલમાં સરપંચનો હોદ્દો ધરાવતા હોય તેવા દુકાનદાર દ્વારા મે અને જૂન મહિનાનું અનાજ કેન્દ્ર સરકાર દ્વારા બે મહિનાનું આપવાનું નક્કી કરવામાં આવ્યું હતું જેની જગ્યાએ એક મહિનાનું આપવામાં આવ્યું હતું જ્યારે જુલાઈ અને ઓગસ્ટનું પણ અનાજ બે મહિનાનું આપવાનું હતું જેની જગ્યાએ એક જ મહિનાનું આપવામાં આવ્યું છે જ્યારે 14 7 2025 ના રોજ ધરતી આંબા સરકારશ્રીનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો તે દિવસે ગ્રામજનો દ્વારા રજૂઆત કરવામાં આવી ત્યાર પછી દુકાનદાર દ્વારા લોકોને બોલાવીને સરકારી દુકાનનો અનાજ આપવામાં આવ્યું હતું. જ્યારે આની રજૂઆત દાહોદ કલેકટર તથા ડીડીઓ દાહોદને પણ કરવામાં આવી હતી જ્યારે આ રજૂઆત કરવામાં આવી ત્યારે દુકાનદાર દ્વારા વિતરણ ચાલુ કરવામાં આવ્યું હતું.

જ્યારે સુડીયા ગ્રામજનોની માંગ છે કે આ ની તટસ્થ તપાસ કરીને દુકાનદાર સામે કાયદેસરના પગલાં લેવામાં આવે અને ગેરીતી જણાય તો તેની દુકાને સસ્પેન્ડ કરવામાં આવે તેવી રજૂઆત કરવામાં આવી હતી જ્યારે આ આવેદનપત્ર આપવામાં આવ્યું ત્યારે સુડીયા જિલ્લા પંચાયત સદસ્ય જીગ્નેશ નિસરતા તથા સુડીયા તાલુકા પંચાયત સદસ્ય મયુરભાઈ નિસરતા તથા ગ્રામજનો દ્વારા સિંગવડ મામલતદાર ને આવેદનપત્ર આપીને ચોક્કસ તથા તટસ્થ તપાસ કરવાની માંગ ઉઠવા પામી હતી જ્યારે બાબુભાઈ નિસરતા દ્વારા પણ સરકારી તંત્રના અધિકારીઓ દુકાનદારને બચાવતા હોવાની વાત કરી હતી.

જ્યારે સસ્તા અનાજની દુકાનદાર દ્વારા જે લોકોએ આવેદન આપવા આવ્યા તેમને ધમકાવવામાં આવે છે તેવી ફરિયાદ સુડીયા ગામના લોકો દ્વારા કરવામાં આવી હતી.

ઝાલોદના ડુંગરી ગામેથી એક ૧૩ વર્ષિય સગીરાનું લગ્નની લાલચે અપહરણ

(પ્રતિનિધિ) દાહોદ, તા.17

દાહોદ જિલ્લાના ઝાલોદ તાલુકાના ડુંગરી ગામેથી એક ૧૩ વર્ષિય સગીરાને લગ્નની લાલચે એક યુવક સગીરાનું અપહરણ કરી લઈ નાસી ગયાંનું જાણવા મળે છે. ઝાલોદ તાલુકામાં રહેતી એક ૧૩ વર્ષિય સગીરાને ગત તા.૦૭મી જુલાઈના રાજસ્થાનના બાંસવાડા જિલ્લાના કાજલીયા ગામે રહેતો સુનીલભાઈ મગનભાઈ ડામોરે સગીરાને પટાવી, ફોસલાવી, લગ્નની લાલચ આપી પત્નિ તરીકે રાખવા સારૂ અપહરણ કરી લઈ નાસી જતાં આ સંબંધે સગીરાના પિતાએ લીમડી પોલીસ મથકે ફરિયાદ નોંધાંવતાં પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

પંચમહાલ જિલ્લાના ખેડૂતોના હિતમાં સરકારનો નિર્ણય

બજારમાં મળતા ખાતરો અંગે કોઈપણ ફરિયાદ કે રજુઆત માટે જિલ્લા કક્ષાએ કંટ્રોલ રૂમ શરુ કરાયો

બજારોમાં અનેક વેપારીઓ એમઆરપી કરતા વધારે ભાવ લેતા હોવાની બૂમો

(પ્રતિનિધિ) ગોધરા, તા.17

ડુપ્લીકેટ કે હલકી ગુણવત્તાના ખાતર તેમજ ખાતરોની કાળાબજારી/ વધુ ભાવે વેચાણ/ અછત અને સંગ્રહખોરી સહિતની બાબતો અંગે ફરિયાદ કરી શકાશે

ખેડૂતો ૦૨૬૭૨-૨૪૨૩૦૦ પર કામકાજી દિવસ દરમિયાન ફોન કરી રજૂઆત કરી શકશે. રાજ્યમાં સારા વરસાદના કારણે મોટા પ્રમાણમાં ખેતી પાક વાવેતરના લીધે લેભાગુ તત્વો દ્વારા બજારમાં ડુપ્લીકેટ ખાતર / ભળતાં નામ વાળા ખાતર/ હલકી કે નીચી ગુણવત્તાવાળા ખાતરો વેચાઇ શકે છે. તેમજ સબસિડાઇઝ ખાતરોમાં કાળા બજારી, વધુ ભાવે વેચાણ, અછત, ડાયવર્ઝન અને સંગ્રહખોરી જેવી બાબતોના નિયંત્રણ તથા ફરિયાદ/રજૂઆત માટે પંચમહાલ જિલ્લામાં જિલ્લા કક્ષાનો કંટ્રોલરૂમ શરૂ કરવામાં આવ્યો છે. ઉક્ત કોઈપણ બાબતે રજૂઆત કરવા માટે ખેડુતો જિલ્લા કક્ષાનો કંટ્રોલરૂમ નંબર ૦૨૬૭૨-૨૪૨૩૦૦ પર કામકાજી દિવસ દરમિયાન ફોન કરી રજૂઆત કરી શકશે. ઉલ્લેખનીય છે કે ભારત સરકાર દ્વારા પણ ઉપરોક્ત બાબતોને ધ્યાને લઈ કંટ્રોલ રૂમ નંબર ૦૧૧-૨૩૦૭૪૭૦૭ જાહેર કરવામાં આવ્યો છે તેમ પંચમહાલ જિલ્લાના નાયબ ખેતી નિયામક(વિ.) દ્વારા એક યાદિમાં જણાવાયુ છે.

લીમખેડામાં જુગાર રમતા બે પૈકી એકને પોલીસે ઝડપી પાડ્યો

(પ્રતિનિધિ) દાહોદ, તા.17

દાહોદ જિલ્લાના લીમખેડા નગરમાં ખુલ્લી જગ્યામાં વરલી, મટકાનો આંક ફરકનો જુગાર રમી રહેલા બે પૈકી એકને પોલીસે ઝડપી પાડી સ્થળ પરથી તેમજ અંગ ઝડતીમાંથી રોકડા રૂપીયા ૪૭૪૦ની રોકડ રકમ કબજે કર્યાનું જાણવા મળે છે. ગત તા.૧૫મી જુલાઈના રોજ પોલીસને મળેલ બાતમીના આધારે લીમખેડાના દાહોદ રોડ ખાતે જાહેરમાં ખુલ્લી જગ્યામાં ઓચિંતી રેડ પાડતાં જેમાં દિનેશભાઈ ધિરાભાઈ બારીયા તથા મેમુદ પઠાણ બંન્ને એકબીજાની મદદગારી કરી વરલી, મટકાનો આંક ફરકનો જુગાર રમી, રમાડતાં હતાં ત્યારે પોલીસે પોતાની ઓચિંતી રેડ દરમ્યાન મેમુદ પઠાણ પોલીસને ચકમો આપી નાસી ગયો હતો જ્યારે દિનેશભાઈ બારીયાને પોલીસે ઝડપી પાડી સ્થળ પરથી તેમજ અંગ ઝડતીમાંથી રોકડા રૂપીયા ૪૭૪૦ની રોકડ રકમ કબજે કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

ત્રણ ઇસમો વિરુદ્ધ પોલીસ ફરિયાદ નોંધાઇ

ગોધરા તાલુકાના તોરણ ગામની સીમમાં પશુ ચરાવવા બાબતે લાકડી વડે હુમલો

(પ્રતિનિધિ) ગોધરા, તા.17

કાલોલ તાલુકાના વેજલપુર પોલીસ સ્ટેશનમાં દોલાભાઈ કાળુભાઈ ભરવાડ દ્વારા નોંધાવેલ ફરિયાદ મુજબ ગોધરા તાલુકાના તોરણ ગામની સીમમાં આરોપી જાલાભાઈ મફાભાઈ ભરવાડ એ ફરિયાદી દોલાભાઈ કાળુભાઈ ભરવાડ ને ફોન કરી વાત કરેલ કે અમો તોરણ ગામની સીમમાં ઉભા છે અને આપણે પશુઓ ચરાવવા માટેની જગ્યા નક્કી કરી લઇ એ તેમ કહેતા દોલાભાઈ ભરવાડ તથા સોઢાભાઈ ધૂળાભાઈ ભરવાડ મોટરસાયકલ લઇ ને ગયેલા તે વખતે આરોપીઓએ ફરીયાદી તથા સાહેદને માં-બેન સમાણી ગાળો બોલી કહેલ કે તુબધાને ભાગ માટે વાતો કરે છે આજે તને ભાગ આપવા માટે બોલાવ્યો છે અને ગાળો બોલીતા તેમ કહેતા ફરીયાદી એ ગાળો બોલવાની નાં પડતા આરોપી (૧) જાલાભાઈ મફાભાઈ ભરવાડ (૨) હરિભાઈ ભગાભાઈ ભરવાડ (૩) રણુભાઈ ભગાભાઈ ભરવાડ ત્રણેય રહેવાસી વેજલપુર કાનોડ ચોકડી તાલુકા કાલોલ તેમનાં હાથમાં ની પશુઓ ચરાવવાની લાકડીઓ વડે ફરીયાદીને શરીરે જેમ ફાવે તેમ માર મારતા સોઢાભાઈ ભરવાડ વચ્ચે છોડાવવા પડતા તેઓને પણ આરોપીઓ એ લાકડીઓ વડે શરીરે માર મારી ઈજા કરી જાનથી મારી નાખવાની ધમકીઓ આપવામાં આવતા જે અંગેની વેજલપુર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે આગળની તપાસ હાથ ધરી છે.

નગરપાલિકા ની સ્વચ્છતા સર્વેક્ષણ ૨૦૨૪માં હનુમાન છલાંગ

હાલોલ નગરપાલિકાએ સ્વચ્છ સર્વેક્ષણ 2024માં રાષ્ટ્રીય કક્ષાએ 75મું સ્થાન પ્રાપ્ત કર્યું

(પ્રતિનિધિ) હાલોલ, તા.12

મિનિસ્ટ્રી ઓફ હાઉસિંગ એન્ડ અર્બન અફેર્સ દ્વારા વિજ્ઞાન ભવન, નવી દિલ્હીમાં આજે તારીખ 17/07/2025ના રોજ સ્વચ્છ સર્વેક્ષણ 2024નું પરિણામ ઘોષિત કરવામાં આવ્યું. આ ઐતિહાસિક પ્રસંગે ભારત દેશની માનનીય રાષ્ટ્રપતિ શ્રીમતી દ્રૌપદી મુર્મુ તથા કેન્દ્રીય નગરી વિકાસ મંત્રી માન. મનોહરલાલ ખટ્ટરજી વિશિષ્ટ ઉપસ્થિતિમાં હાજર રહ્યા. સ્વચ્છ સર્વેક્ષણ 2024માં હાલોલ નગરપાલિકા દ્વારા નોંધપાત્ર પ્રગતિ નોંધાઈ છે. હાલોલનું રાષ્ટ્રીય કક્ષાએ વર્ષ ૨૦૨૩ના સર્વેક્ષણમાં 2435મુ સ્થાન પ્રાપ્ત કર્યું હતું .નગરપાલિકા દ્વારા હનુમાન છલાંગ લગાવીને સ્વચ્છ સર્વેક્ષણ 2024માં રાષ્ટ્રીય કક્ષાએ 75મું સ્થાન પ્રાપ્ત કર્યું છે અને રાજ્ય સ્તરે વર્ષ ૨૦૨૩ના 75મું ક્રમથી સુધરીને હવે 16મું સ્થાન મેળવ્યું છે. આ ઉપરાંત, 50,000 થી 3 લાખ વસતી ધરાવતા મધ્યમ શહેરોની શ્રેણીમાં હાલોલે રાજ્યમાં 7મું સ્થાન પ્રાપ્ત કર્યું છે.

વધુમાં, હાલોલ નગરપાલિકાને પ્રતિષ્ઠિત ODF++ (ઓપન ડેફેકેશન ફ્રી પ્લસ પ્લસ) દરજ્જો આપવામાં આવ્યો છે, જે તેના અગાઉના ODF દરજ્જામાંથી નોંધપાત્ર અપગ્રેડ છે. આ ઉન્નત પ્રમાણપત્ર ફેકલ સ્લજ અને સેપ્ટેજનું યોગ્ય સંચાલન, અને સમુદાય અને જાહેર શૌચાલયના ઉચ્ચ ધોરણ સહિત વ્યાપક અને ટકાઉ સેનિટેશન પ્રથાઓ દર્શાવે છે. નગરપાલિકાએ GFC (ગાર્બેજ ફ્રી સિટી) 1-સ્ટાર રેટિંગ પણ હાંસલ કર્યું છે, જે ગયા વર્ષના તેના ઝીરો-સ્ટાર રેટિંગમાંથી નોંધપાત્ર સુધારો છે. આ સ્ટાર રેટિંગ શહેરમાં લાગુ કરાયેલ કાર્યક્ષમ કચરા વ્યવસ્થાપન પ્રણાલીઓ, જેમાં ઘરે-ઘરે કચરો સંગ્રહ, સ્ત્રોત અલગતા, અને વૈજ્ઞાનિક કચરા પ્રક્રિયાનો સમાવેશ થાય છે, તેનો પુરાવો છે.

આ સિદ્ધિ નગરપાલિકા દ્વારા સતત કરાયેલા સ્વચ્છતા પ્રયાસો, જનસહભાગિતા અને કાર્યક્ષમ વહીવટની શ્રેષ્ઠતા પ્રત્યે પ્રતિબદ્ધતાનો સાક્ષાત પુરાવારૂપ છે. હાલોલ નગરપાલિકા સમસ્ત નાગરિકોનો સહકાર અને સહભાગિતાપૂર્વક આ સફળતાને સમર્પિત કરે છે તથા ભવિષ્યમાં પણ સ્વચ્છતા અને માનવ કલ્યાણના પંથમાં સતત આગળ વધવાની પ્રતિબદ્ધતાની પુષ્ટિ કરે છે.

લીમડી પોલીસ સ્ટેશનના ચોરીના ગુન્હામાં ભાગતો આરોપી ઝડપાયો

(પ્રતિનિધિ) દાહોદ, તા.17

દાહોદ જિલ્લાના ઝાલોદ તાલુકાના લીમડી પોલીસ સ્ટેશનના ચોરીના ગુન્હામાં છેલ્લા પાંચ વર્ષથી નાસતા ફરતા આરોપીને પેરોલ ફ્લો સ્કોર્ડ ઝડપી પાડી આરોપીને જેલના સળીયા પાછળ ધકેલી દેવામાં આવ્યો હોવાનું જાણવા મળે છે. દાહોદ જિલ્લામાં નાસતા ફરતા આરોપીઓ તેમજ અન્ય ગુન્હાઓમાં સંડોવાયેલ આરોપીઓને ઝડપી પાડવા માટે દાહોદ જિલ્લા પોલીસ વડાની સુચના અને માર્ગદર્શન હેઠળ જિલ્લાની તમામ પોલીસ કામગીરી કરી રહી છે ત્યારે ગત રોજ પેરોલ ફ્લો સ્કોર્ડને મળેલ બાતમીના આધારે ઝાલોદના લીમડી પોલીસ સ્ટેશનમાં ચોરીના ગુન્હામાં છેલ્લા પાંચ વર્ષથી નાસતો ફરતો આરોપી અંકિતભાઈ રમેશભાઈ ડામોર (રહે.મધ્યપ્રદેશ)નાને તેના આશ્રય સ્થાનેથી પોલીસે ઝડપી પાડી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

દાહોદના શ્રી સરસ્વતી વિદ્યા મંદિર ખાતે સંસ્કૃત સંભાષણ શિબિર યોજાઈ

(પ્રતિનિધિ) દાહોદ, તા.17

દાહોદ શહેરમાં મંડાવાવ રોડ ખાતે આવેલ શ્રી સરસ્વતી વિદ્યા મંદિરમાં સંસ્કૃત ભારતી દાહોદ દ્વારા નિઃશુલ્ક સંસ્કૃત સંભાષણ શિબિર નું આયોજન કરવામાં આવેલ છે. આ શિબિર સાંજના ૭:૩૦ થી રાત્રિના ૯:૩૦ કલાક એટલે કે બે કલાક ના સમયગાળા દરમિયાન આ શિબિર દસ દિવસ સુધી યોજાઈ રહ્યો છે.આ શિબિરના ચોથા દિવસે સંસ્કૃત વસ્તુ પ્રદર્શનીનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રદર્શનમાં માનવજાત દ્વારા રોજબરોજની ઉપયોગમાં લેતી ચીજવસ્તુઓ, વપરાશ, સાધન સામગ્રી વિગેરે જેવી પ્રદર્શનીઓ સંસ્કૃત નામ સાથે પ્રદર્શીત કરવામાં આવી હતી જેમાં વસ્ત્રો, વિદ્યાર્થીઓ, બાળકો દ્વારા શાળાલક્ષી ઉપયોગમાં લેવાતાં સાધનો, પ્રાણી, પક્ષીઓની આકૃતિઓ, ધાર્મિક ગ્રંથો, ખેતીકામમાં ઉપયોગમાં લેવાતાં બિયારણ, કઠોળ, ઘડીયાળ, રમત ગમતના આકૃતિઓ, વાહન વ્યવહારની આકૃતિઓ તેમજ રોજીંદા જીવનમાં વપરાશલક્ષી ચીજવસ્તુઓનું સંસ્કૃતમાં નામ સહિત આ પ્રદર્શનીનું આયોજન કરાયુ હતુ.

કમળાની અસર નિવારવા તંત્ર એલર્ટ થયું

કાલોલ કસ્બા વિસ્તારમાં આરોગ્ય વિભાગની પાંચ ટીમો દ્વારા સર્વે

(પ્રતિનિધિ) કાલોલ, તા.17

કાલોલ કસ્બા વિસ્તારમાં કમળા ની અસર જોવા મળ્યા બાદ કાલોલ તાલુકાના આરોગ્ય વિભાગ ની પાંચ ટીમો દ્વારા આજ રોજ કસ્બા વિસ્તારમાં ૩૦૧ જેટલા ઘરો ની મુલાકાત લઈ સર્વે કર્યો પીવાના પાણીમાં ક્લોરિન ટેબ્લેટ નાખી ક્લોરિનયુક્ત પાણી કરાયુ, લોકોને ઉકાળેલું પાણી પીવાની સલાહ આપી. પીવાના પાણી સીવાય ના પાણી મા એન્ટી લાર્વલ નાખવામાં આવ્યું જેથી મચ્છર ની ઉત્પતિ ઘટે, નાના બાળકો ને ઓઆરએસ ના પેકેટ આપ્યા, નળમાંથી પાણીના સેમ્પલ લેવાયા તેમજ ચીફ ઓફિસર ને ક્લોરીનેશન કરાવવા માટે સૂચના આપી. કાલોલ શહેરમાં ચોમાસા ની સીઝન માં રોગચાળાએ માથું ઊંચકયતા ખાનગી તેમજ સરકારી દવાખાનાઓમાં દર્દીઓમાં વધારો થયો છે.

ચાર યુવકો પ્લાસ્ટીકની પાઇપ લઇને તૂટી પડ્યા

ઝાલોદના રાજપુર ગામે ઝઘડાની અદાવત રાખી બે યુવકોને માર્યા

(પ્રતિનિધિ) દાહોદ, તા.17

દાહોદ જિલ્લાના ઝાલોદ તાલુકાના રાજપુર ગામે અગાઉના ઝઘડની અદાવત રાખી ચાર યુવકોએ બે યુવકોને પ્લાસ્ટીકની પાઈપ વડે તેમજ ગડદાપાટ્ટુનો માર મારી શરીરે ઈજાઓ પહોંચાડતાંપોલીસમાં ફરિયાદ નોંધાંવવા પામી છે.

ઝાલોદના કસ્બા વિસ્તારમાં રહેતો અલી ઉસ્માનભાઈ મલેક ઝાલોદના ટીંબા ફળિયા ગામે રહેતાં નિકુંજકુમાર ઉર્ફે બંટી રમેશભાઈ પટેલને બોલાવી કહેલ કે, ગઈકાલ સાંજના તારી માસીના દિકરા દેવાંગને મારા ભાઈ આમિન વચ્ચે બોલાચાલી થયેલ તે બાબતે આપણે બેસીને વાતચીત કરીએ, તેમ કહી ગત તા.૧૫મી જુલાઈના રોજ નિકુંજકુમાર અને દેવાંગને ઝાલોદના રાજપુર ગામે બોલાવ્યાં હતાં અને જ્યાં અલી ઉસ્માન મલેક, આમિન ઉસ્માન મલેક, સાકીર મકરાણી તતા અન્ય એક છોકરો મળી ચારેય ઈસમોએ નિકુંજભાઈ અને દેવાંગભાઈને પ્લાસ્ટીકની પાઈપ વડે તેમજ ગડદાપાટ્ટુનો માર મારી શરીરે ઈજાઓ પહોંચાડી હતી. આ સંબંધે ઈજાગ્રસ્ત નિકુંજકુમાર ઉર્ફે બંટી રમેશભાઈ પટેલે ઝાલોદ પોલીસ મથકે ફરિયાદ નોંધાંવતાં પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

તસ્કરો રૂ.1.18 લાખનો મુદ્દામાલ ચોરી ગયા

સીંગવડ તાલુકાના વણઝરીયા ગામે કરિયાણાની દુકાનમાં ચોરી

(પ્રતિનિધિ) દાહોદ, તા.17

દાહોદ જિલ્લાના સીંગવડ તાલુકાના વણઝારીયા ગામે એક કરિયાણાની દુકાનમાં તસ્કરોએ હાથફેરો કરી કરિયાણાનો સરસામાન, રોકડા રૂપીયા તેમજ કપડા વિગેરે મળી કુલ રૂ.૧,૧૮,૦૦૦ ની મત્તાની તસ્કરો ચોરી કરી લઈ નાસી જતાં પોલીસમાં ફરિયાદ નોંધાંવવા પામી છે.સીંગવડના વણઝારીયા ગામે સોલંકી ફળિયામાં રહેતાં વિણાબેન વિનોદકુમાર સોલંકીની પોતાના વિસ્તારમાં કરિયાણાની દુકાન આવેલ હોઈ જે કરિયાણાની દુકાનમાં ગત તા.૧૪મી જુલાઈના રોજ અજાણ્યા ચોર ઈસમોએ કરિયાણાની દુકાનને નિશાન બનાવી હતી અને કરિયાણાની દુકાનના આગળના ભાગે મારેલ શટરનું તાળુ તોડી તસ્કરો દુકાનમાં પ્રવેશ્યાં હતાં. તસ્કરોએ દુકાનમાં મુકી રાખેલ ખાદ્ય તેલના ડબ્બા, ખાદ્ય તેલના પાઉચ, પાન, મસાલાના પેકેટો, ચા પત્તિના પેકેટો, ચોખા, મગ, અડધ, મગ મોગરની દાળના કટ્ટાઓ, રોકડા રૂપીયા ૨૫,૦૦૦ તેમજ કપડા વિગેરે મળી તસ્કરો કુલ રૂ.૧,૧૮,૦૦૦ની મત્તાની ચોરી કરી લઈ નાસી જતાં આ સંબંધે વિણાબેન વિનોદકુમાર સોલંકીએ રણધીકપુર પોલીસ મથકે ફરિયાદ નોધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.